મુંબઈ જળબંબાકાર બનવા માટે કૉંક્રીટીકરણ જવાબદારઃ પાલિકાએ હાથ ઊંચા કર્યા

નૉ ઑપ્શન... ચાર દિવસ સતત વરસ્યા બાદ બુધવારે વરસાદે પોરો ખાધો હતો. પાણી ઓસર્યા બાદ વિરારથી ભાયંદર વચ્ચે લોકલ ટ્રેન સેવા ધીમી ગતિએ શરૂ કરવામાં આવી હતી. તસવીરમાં વસઇમાં ટ્રેક પર ભરાયેલા પાણી વચ્ચેથી પસાર થતી ટ્રેન જોઇ શકાય છે. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ઝડપભેર થઈ રહેલા કૉંક્રીટીકરણના કારણે વરસાદના પાણીને જમીનમાં ઉતરવા માટે જગ્યા બચી નથી, તો વરસાદી પાણીનો નિકાલ કરનારી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાં ઝાડનાં મૂળિયાં અટકીને અડચણ ઊભી કરી રહ્યાં છે. તેથી કૉંક્રીટીકરણ પર નિયંત્રણ આવે નહીં ત્યાં સુધી મુંબઈમાં પાણી ભરાવવાના નવા નવા સ્થળ નિર્માણ થતા રહેવાના છે અને તેને કારણે ચોમાસામાં મુંબઈ પાણીમાં ડુબવાની જ છે એવું સ્થાયી સમિતિમાં આડકતરી રીતે પાલિકા કમિશનર અજોય મહેતાએ કહીને પોતાના હાથ ઉપર કરી દીધા હતા.

મુંબઈમાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈગરાની ઊંઘ હરામ થઈ ગઈ હતી. આ પ્રકરણમાં પાલિકા પ્રશાસનને બાનમાં લઈને કમિશનર નિવેદન આપે એવી માગણી તમામ પક્ષના નગરસેવકોએ કરી હતી પણ કમિશનરની સ્પષ્ટતા બાદ નગરસેવકોની બોલતી બંધ થઈ ગઈ હતી. પાલિકાએ છેલ્લા થોડા દિવસથી અમલમાં મૂકેલી અમુક ઉપાય યોજનાને કારણે અનેક ઠેકાણે પાણીનો નિકાલ જલદી થયો અને પાણીનો નિકાલ કરવા માટે ઉચ્ચ ક્ષમતાના પંપ બેસાડવાને કારણે રેલવે ધીમી દોડી પણ બંધ પડી નહોતી એવું કહીને કમિશનરે બચાવ પણ કર્યો હતો.

કૉંક્રીટીકરણને કારણે જમીનમાં પાણીને શોષાવા માટે કોઈ જગ્યા બાકી રહી નથી. તેને કારણે તેના પર નિયંત્રણ લાવવા માટે મુંબઈના ડેવલપમેન્ટ પ્લાનમાં જોગવાઈ કરવામાં આવી છે. તે મુજબ બાંધકામ કરતા સમયે થોડી જગ્યા પાણીના શોષાવા માટે બાકી રાખવાનું ફરજિયાત રહેશે. ઉદ્યાન, મનોરંજન મેદાનમાં પણ કૉંક્રીટીકરણને મંજૂરી નથી એવું કમિશનરે કહ્યું હતું.

મુંબઈમાં વરસાદને કારણે ભરાયેલા પાણીને કારણે મુંબઈગરા હેરાનપરેશાન થઈ ગયા હોવાને મુદ્દે બુધવારે સ્થાયી સમિતિમાં નગરસેવકોએ પાલિકા કમિશનરને બાનમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ગયા ચાર દિવસ મુશળધાર વરસાદમાં પાલિકા ચાર હજાર જેટલા અધિકારી, કર્મચારી ભરવરસાદમાં રસ્તા પર કામ કરી રહ્યા હતા. પાલિકાના ઍન્જિનિયરોએ પોતાનો અનુભવ કામે લગાડ્યો હતો. બે-ચાર કામચોર કર્મચારી વચ્ચે ૯૦ ટકા પ્રામાણિક લોકો છે અને તેમણે પૂરી નિષ્ઠાથી કામ કર્યું હોવાનું કહીને કમિશનરે પોતાના કર્મચારીઓના વખાણ કર્યા હતા. કમિશનરની ટીકા કરનારા નગરસેવકોને સ્પષ્ટતા આપતા કમિશનરે કહ્યું હતું કે મુંબઈ શહેર બેટ પર વસેલું છે તે ભૂલવું જોઈએ નહીં. ગયા વર્ષે ૨૯ ઑગસ્ટના પડેલા વરસાદ બાદ પાલિકાએ પાણી ભરાવાના સ્થળનો અભ્યાસ કરીને વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકી છે તેથી નગરસેવક જાતે પોતાના વૉર્ડમાં હાજર રહેશે તો તેમને વરસાદને કારણે ક્યાં પાણી ભરાય છે અને ક્યાં શું દુર્ઘટના બને છે તેની માહિતી મળશે એવો કટાક્ષ પણ કમિશનરે નગરસેવકોને માર્યો હતો. ■

વરસાદે વિરામ લેતા પશ્ચિમ રેલવેએ લીધો રાહતનો શ્વાસ

▸ ૨૪ કલાકે ચર્ચગેટ-દહાણુ ટ્રેન શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સતત મુશળધાર વરસ્યા બાદ મુંબઈ સહિત થાણેમાં વરસાદે વિરામ લેતા ખોરવાઇ ગયેલો રેલ વ્યવહાર બુધવારે ફરી પૂર્વવત ચાલુ થઇ ગયો હતો. ટ્રેન સેવા ખોરવાયાના કુલ ૨૪ કલાક બાદ ચર્ચગેટથી દહાણુ રોડ પર લોકલ ધીમી ગતિએ ચાલુ કરવામાં આવી હતી. ચર્ચગેટથી ભાયંદર લોકલ અને ભાયંદરથી વિરાર લોકલ પણ ધીમી ગતિએ દોડાવાઇ હતી. વિરારથી દહાણુની સેવા પણ ચાલુ થઇ ગઇ હતી. સવારે ૮.૫૦ વાગ્યે ચર્ચગેટથી વસઇ રોડ સ્ટેશન પર આવેલી ગાડી વિરારની દિશામાં છોડવામાં આવી હતી. જોકે, પશ્ચિમ રેલવેનો વ્યવહાર ધીમી ગતિએ શરૂ કરવામાં આવ્યો હોવા છતાં બુધવારે ૧૩૦ ટ્રેન રદ કરવામાં આવી હતી, જ્યારે ૪૦ ટ્રેન મોડી પડી હતી, તેમાંથી મોટા ભાગની ટ્રેન વસઇ-વિરારની હતી.

ટ્રેક પર પાણી જમા હોવાથી (જુઓ પાનું ૪) ▸▸

અતિવૃષ્ટિ થઈ તો રજાનો નિર્ણય પાલિકા લેઃ તાવડેએ ફેરવી તોળ્યું

કલાકારો માટે નિયમનો ભંગ?

મુંબઈ મહાનગરપાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં શિક્ષણ પ્રધાન વિનોદ તાવડેએ બુધવારે મહત્ત્વની બેઠક લીધી હતી. આ કંટ્રોલ રૂમમાં પ્રસાર માધ્યમ, નગરસેવકો તથા રાજકીય પક્ષોના નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધ છે. મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ સંજય નિરુપમને પણ આ કંટ્રોલ રૂમમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો પણ વિનોદ તાવડે આ નિયમનો ભંગ કરીને પોતાની સાથે મરાઠી કલાકારોને લઈ આવ્યા હતા, જેમાં મરાઠી અભિનેત્રી, નાટ્ય નિર્માતા સહિત અનેક મરાઠી કલાકારનો સમાવેશ થાય છે. ■

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોમવાર આખી રાત પડેલા વરસાદને કારણે મંગળવારે પણ મુંબઈ આખું જળમય થઈ ગયું હતું. અનેક ઠેકાણે કમર સુધીના પાણી ભરાઈ ગયા હતા અને મુંબઈમાં અતિવૃષ્ટિ થયા બાદ પણ શિક્ષણ પ્રધાન તથા મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન વિનોદ તાવડેએ સ્કૂલમાં રજા આપવાની ગરજ નહીં હોવાનું કહેતા તેમની ચોતરફથી ટીકા થઈ રહી છે. ચોતરફથી ટીકા થયા બાદ વિનોદ તાવડેએ સ્કૂલમાં રજા આપવાનો અધિકાર મુંબઈ મહાનગરપાલિકાને આપી દીધો છે, તેથી મુંબઈમાં મુશળધાર વરસાદ પડ્યો અને પાણી ભરાયા તો પાલિકા પરિસ્થિતિનો અભ્યાસ કરીને સ્કૂલમાં રજા આપવી કે નહીં તે જાહેર કરશે. નાગપુર અધિવેશન વચ્ચે વિનોદ (જુઓ પાનું ૪) ▸▸

ઉમરોલી સ્ટેશને એક પણ ટ્રેન ઊભી ન રાખતા પ્રવાસીઓએ કર્યું રેલરોકો

પાલઘરઃ વસઇ-દહાણુ દરમિયાન પડેલા મુશળધાર વરસાદને કારણે ટ્રેન વ્યવહાર મોટાપાયે ખોરવાયો હોવાને કારણે પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન મંગળવારથી ઉમરોલી સ્ટેશન પર ટ્રેનો રોકવામાં ન આવતા બુધવારે રોષે ભરાયેલા ૨૦૦ જેટલા પ્રવાસીઓએ રેલરોકો કર્યું હતું અને લાંબા અંતરની ટ્રેનોને રોકી હતી. ત્યાર બાદ દહાણુ રેલવે પ્રવાસી સંઘ દ્વારા મધ્યસ્થી કરીને લાંબા અંતરની ટ્રેનો ઉમરોલી રોકવાનું આશ્વાસન આપ્યા બાદ આંદોલન પાછું ખેંચાયું હતું.

ઉમરોલી સ્ટેશન પાલઘર અને બોઇસર વચ્ચે આવેલું છે. સવારે નવ વાગ્યે આ ઘટના બની હતી અને આંદોલનકારીઓએ જમ્મુ-તાવી બાન્દ્રા વિવેક એક્સપ્રેસને રોકવામાં આવી હતી. બહારગામની ટ્રેનો પહેલા જ આ માર્ગ પરથી કાઢવામાં આવી રહી હતી, પરંતુ લોકલ ટ્રેનો શરૂ કરવામાં આવી નહોતી અને લાંબા અંતરની ટ્રેનો પણ ઉમરોલી સ્ટેશને રોકવામાં આવતી નહોતી. તેથી પ્રવાસીઓમાં અસંતોષ ફેલાયો હતો અને તેમના દ્વારા રેલરોકો કરવામાં આવ્યું હતું. ■

ટ્વિટર પર માગી મદદ

છ મહિનાની બીમાર બાળકીને પોલીસે કરી હોસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાયંદરઃ પાલઘર પોલીસના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર પિતાએ બીમાર પુત્રીની સારવાર માટે મદદ માગતાં માણિકપુર પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ તાત્કાલિક ત્યાં દોડી ગયો હતો અને પાણી ભરાયા હોવા છતાં બીમાર બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી હતી. માણિકપુર પોલીસ સ્ટેશનની હદમાં સનસિટી વિસ્તારની આયરિશ બિલ્ડિંગમાં એ-વિંગમાં રહેનારા શરદ ઝાએ પાલઘર પોલીસના ટ્વિટર એકાઉન્ટ પર પોતાની છ મહિનાની બીમાર પુત્રીની સારવાર જરૂરી હોવાથી તેને હોસ્પિટલમાં દાખલ (જુઓ પાનું ૪) ▸▸

રેલવે સ્ટેશન બન્યા મોબાઇલ ચાર્જિંગ પોઈન્ટનો આશરો

પાલઘરઃ અન્ન, વસ્ત્ર અને રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાતોમાં હવે મોબાઇલના ચાર્જિંગની મૂળભૂત જરૂરિયાત બની ગઇ છે. ભારે વરસાદને કારણે વસઇ-વિરારમાં પૂર જેવી સ્થિતિ ઊભી થઇ ગઇ હતી, જેને કારણે ૩૦ કલાક કરતાં વધારે સમય સુધી વીજળી ન હોવાથી ત્યાંના સ્થાનિકોનું જીવન પૂર્ણપણે અસ્તવ્યસ્ત થઇ ગયું હતું.

વસઇ સ્ટેશનના કંટ્રોલરૂમમાં પાણી ભરાઇ જવાને લીધે વીજપુરવઠાને બંધ કરવામાં આવતાં રહેવાસીઓ ત્રાસી ગયાં હતાં.

ટ્રેન વ્યવહાર પણ ખોરવાઇ ગયો હોવાથી પ્રવાસીઓ ટ્રેનની રાહ જોતા જોતા વિરાર સબ-વેમાં ખાલી પ્લગ પોઇન્ટ દેખાતા તેમના મોબાઇલને ચાર્જ કરી રહ્યા હતાં. નેટવર્ક અને ચાર્જિંગ ન હોવાને કારણે લોકો સંપર્ક વિહોણા ન થાય તે માટે લોકો ચાર્જિંગ પોઇન્ટ શોધીને મોબાઇલ ચાર્જ કરી રહ્યા હોવાથી ટૂંક સમયમાં લોકોની ભીડ જમા થઇ ગઇ હતી.

આ દરમિયાન ટૂંક સમયમાં સ્થાનિકોના ઘરે વીજળી પહોંચાડવામાં આવશે એવો વાયદો એમએસઇબીના એક અધિકારીએ કર્યો હતો, પણ હજુ સુધી તેને પૂરો ન કરવામાં આવી રહ્યો હોવાથી વીજ વિભાગ અને રહેવાસીઓ વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઇ ગઇ છે. ■

માનખુર્દ-ગોવંડી રેલ ફ્રેકચર

▸ ટ્રેક પર 'માર્કર' માટે કપડું બાંધ્યાની રેલવેની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં તૂટેલા ટ્રેકને કપડું બાંધીને તેના પર લોકલ ટ્રેન દોડાવવાનો વીડિયો વાઇરલ થયા બાદ મધ્ય રેલવેના અધિકારીએ આ અંગે સ્પષ્ટતા કરી હતી કે ટ્રેક પર બાંધેલા કપડાનો ઉપયોગ માત્ર માર્કર માટે કર્યો હતો.

હાર્બર રેલવે લાઇન પર માનખુર્દ અને ગોવંડી સ્ટેશન દરમિયાન મંગળવારે રેલ ફ્રેકચર થયું હતું. જોકે, તાત્કાલિક તેનું સમારકામ કરવાને બદલે તેના પર કપડું બાંધવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. ચિંતાજનક વાત એ હતી કે આ ટ્રેક પર એક નહીં, પરંતુ ત્રણ ત્રણ લોકલ પસાર થઇ હતી. સેવા ચાલુ રાખવા માટે રેલવે પ્રશાસને લોકલના પ્રવાસીઓનો જીવ સાથે રમત રમી (જુઓ પાનું ૪) ▸▸

વરસાદમાં મુંબઇ બ્લોક એટલે દર વર્ષની મોકાણ

▸ ડ્રેનેજ પાછળ કરોડોનો ખર્ચો પણ હાલાકી અપારઃ પાલિકા પર પસ્તાળ

મુંબઇઃ ચોમાસાનો વરસાદ શરૂ થાય એટલે મુંબઇમાં ઠેકઠેકાણે પાણી ભરાવા માંડે, ટ્રાફિકની સમસ્યા અને લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઇ જાય.

દર વર્ષે દેશના આર્થિક પાટનગર ગણાતા મુંબઇનું જનજીવન વરસાદને કારણે અસ્તવ્યસ્ત થઇ જાય છે. રેલવે ટ્રેક અને રોડ પાણીમાં ગરકાવ થઇ જાય છે. લોકોના ઘરોમાં પાણી ભરાઇ જાય છે. જિંદગી બેહાલ થઇ જાય છે. મુંબઇ પાલિકા પ્રશાસન દર વર્ષે વરસાદ પહેલાંની કામગીરી પતાવી લીધી હોવાનો દાવો કરે છે પણ તેમના દાવા સાવ પોકળ પુરવાર થાય છે અને મુંબઇને વરસાદના સમયે પૂર અને અસ્તવ્યસ્ત જીવનની સમસ્યામાંથી છૂટકારો મળતો નથી.

શિવસેના શાસિત મુંબઇ મહાપાલિકા દેશની સૌથી અમીર પાલિકા છે. ૨૦૦૫થી ૨૦૧૬ની વચ્ચે તેણે સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક માટે ૨,૦૦૭ કરોડ રૂપિયા ખર્ચ્યા હોવાનો દાવો કરવામાં આવે છે, પણ વરસાદી માહોલમાં મુંબઇની જનતાને પારાવાર હાલાકી ભોગવવી પડે છે. પાલિકાના મોટા મોટા દાવાઓ પોકળ પુરવાર થાય છે. ચાલુ નાણાકીય વર્ષમાં પણ પાલિકાએ ૫૬૫.૫૫ કરોડ રૂપિયા વરસાદ પહેલાની તૈયારી કરવામાં ખર્ચ્યા હોવાનો દાવો કરવામાં આવે છે, પણ આ દાવો કેટલો અર્થહિન છે તે રવિવારથી (જુઓ પાનું ૪) ▸▸

પાલિકા જાગેઃ ચાર દિવસ પછી તો મુંબઈના રસ્તા પરના ખાડા પૂરો

▸ ઝીરો પૉટહૉલ્સ ટૉલેરન્સ ઝુંબેશનું શું થયું?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈના રસ્તા ફરી એક વાર ખાડામાં ગયા છે. માત્ર ૪૮ કલાક નહીં પણ ચાર-ચાર દિવસ સુધી ખાડા પૂરવામાં આવ્યાં નહીં હોવાને કારણે અકસ્માતનું પ્રમાણ વધી ગયું છે. તેથી નાગરિકોના રોષનો ભોગનો સામનો કરવો પડી રહ્યો હોવાનો નગરસેવકોએ આરોપ કર્યો છે.

મુંબઈને ખાડામુક્ત કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ 'ઝીરો પૉટહૉલ્સ ટૉલરન્સ' ઝુંબેશ જાહેર કરી છે પણ ગયા અઠવાડિયાથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે પાલિકાના આ અભિયાનને બરોબરનો ફટકો પડ્યો છે. અનેક વિસ્તારમાં રસ્તા પર ચાર દિવસમાં ખાડા પડી ગયા છે, તેની સામે સ્થાયી સમિતિમાં નગરસેવકોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. ખાડાને કારણે અકસ્માત થયો તો તે વૉર્ડના અધિકારી સામે ફોજદારીનો ગુનો દાખલ કરવો એવી માગણી વિરોધ પક્ષ કૉંગ્રેસે કરી હતી.

નાગપાડા વિસ્તારમાં રસ્તા ખાડામાં ગયા છે તે બાબતે ફરિયાદ કરવા ફોન કરવામાં આવતા પાલિકાના અધિકારીઓ ફોન ઉપાડતા નથી. ફરિયાદ આવ્યા બાદ ૪૮ કલાકમાં ખાડા પૂરવામાં આવશે એવું આશ્વાસન પાલિકા પ્રશાસન આપે છે પણ ચાર-ચાર દિવસ બાદ પણ ખાડા પૂરવામાં આવતા નથી, તેથી ખાડા તાત્કાલિક પૂર્યા નહીં તો તે કામ અમે કરશું એવો રોષ સમાજવાદી પાર્ટીએ વ્યક્ત કર્યો હતો. ઘાટકોપર વિસ્તારમાં મોટાભાગના રસ્તા પર ખાડા પડી ગયા છે. કૉલ્ડમિક્સ ટૅક્નોલોજીનો (જુઓ પાનું ૪) ▸▸

મહાવિતરણને ₹ ૩૦,૮૪૨ કરોડની ખોટ

ગ્રાહકોના વીજળીના બિલમાં થશે વધારો

મુંબઈઃ મહાવિતરણને રૂ. ૩૦,૮૪૨ કરોડની ખોટ થઇ હોવાને કારણે તે વીજળીના બિલમાં વધારો કરે એવી શક્યતા છે. વીજ ગ્રાહકો પાસેથી જ ખોટની રકમ વસૂલ કરવા માટે જબરદસ્ત વીજ દરમાં વધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. છેલ્લાં દોઢ વર્ષમાં મહાવિતરણને અંદાજે રૂ. ૩૦,૮૪૨ કરોડની વિક્રમી ખોટ થઇ છે. આ ખોટની ભરપાઇ કરવા હવે વીજ ગ્રાહકોના ખિસ્સા પર કાતર ફેરવવામાં આવશે. મહાવિતરણ દ્વારા ઘરેલું વપરાશ પર પાંચ ટકા અને કૃષિ તથા અન્ય વપરાશ પર ૩૫ ટકા દર વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. મહારાષ્ટ્રના અનેક (જુઓ પાનું ૪) ▸▸

ગોરેગામમાં મહિલા બાઈક કૉચે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

▸ ઊંચી મહત્ત્વાકાંક્ષામાં નિષ્ફળતાને પગલે ભર્યું અંતિમ પગલું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઊંચી મહત્ત્વાકાંક્ષા ધરાવતી જાણીતી મહિલા બાઈક કૉચે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના ગોરેગામમાં બની હતી. નિશ્ચિત સપનાં સાકાર કરવામાં મળેલી નિષ્ફળતાને પગલે અંતિમ પગલું ભર્યાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કરાયો હતો.

દિંડોશી પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે રાતે આઠ વાગ્યાની આસપાસ પ્રકાશમાં આવી હતી. ગોરેગામ પૂર્વના પદ્માવતી એપાર્ટમેન્ટની સી વિંગના ફ્લૅટ નંબર-૧૦૪માં રહેતી ચેતના નાગેશ પંડિતે (૨૭) સીલિંગ ફેન સાથે ઓઢણી બાંધી ગળાફાંસો ખાધો હતો.

ચેતના બે બહેનપણી સાથે શૅરિંગ કરીને ભાડાના ફ્લૅટમાં રહેતી હતી. મંગળવારે બન્ને બહેનપણી કામે નીકળી ગયા બાદ ચેતના ઘરમાં એકલી જ હતી. રાતે એક બહેનપણી પાછી ફરી ત્યારે બનાવની જાણ થઈ હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં દિંડોશી પોલીસ સ્ટેશનના અધિકારીઓ (જુઓ પાનું ૪) ▸▸

''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર)ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com
ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957** "MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Mr. Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor *Mr. Nilesh Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957**